BOOK-POST




આચાર્યકુળનું

માનદ સભ્યપદ

પ્રતિ,

શ્રી પી. સી. વૈદ્ય

૩૨, શારદા સોસાયટી,

એલિસબ્રીજ,

અમદાવાદ- ૩૮૦૦૦૭

કુલનાયક
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪

24.7.73
DELY

# આચાર્યકુલ

મહાત્મા ગાંધીજીએ આપણને ઘણું બધું આપ્યું છે. ખાદીવિચાર, ટ્રસ્ટીશિપ, સાધનશુદ્ધિ, સત્યાગ્રહદર્શન ઈત્યાદિ. પરંતુ એમણે પોતે જ કહ્યું છે કે મેં જે બે - ચાર ચીજ આપી છે તેમાં 'નઈતાલીમ' એ મારું છેલ્લું અને ઉત્તમ પ્રદાન છે. જોખી-તોળીને બોલનાર'વાણિયા'ના આ શબ્દો છે.

નવો સમાજ- સર્વોદયી સમાજની રચનાની જો કોઈ ગુરુચાવી હોય તો એ છે નઈતાલીમ, બુનિયાદી શિક્ષણ.

આવું આ મહાભારત કામ કોણ કરશે?

વિનોબાનો જવાબ છે : આચાર્યકુલ.

બાપુની જેમ વિનોબાએ પણ કહ્યું છે કે ' આચાર્યકુલ' એ મારું છેલ્લું પણ શ્રેષ્ઠ પ્રદાન છે.

ગુજરાતના મૂર્ધન્ય કેળવણીકાર સ્વ. મૂળશંકર ભટ્ટે કહેલું કે - 'આચાર્યકુળ' એ વીસમી સદીનો શ્રેષ્ઠ વિચાર છે.

આ આચાર્યકુળની વાત વિનોબાજી પોતાનો હાથ ધરીને આ એવી રીતે સમજાવતા.

આ અંગૂઠો છે એ છે - 'લોકશક્તિ'. ધીંગી - મજબૂત -નક્કર. અંગૂઠાનો સાથ ન હોય તો હાથ નકામો. લોકશાહી લોકશક્તિના બળ ઉપર જ ઊભી રહી શકે. લોકોની તાકાત વધે એ રીતે બાકીની શક્તિઓએ પણ કામ કરવું જોઈએ.

એ પછી સૌથી નાની તર્જની-ટચલી આંગળી બતાવી કહેતા આ છે 'સજ્જનશક્તિ'. આ આંગળી નાની છે પણ એનું કામ મોટું છે. દૂધમાં મેળવણ જેવું. ટીપું મેળવણ તપેલી દૂધને જમાવી દે. સજ્જનો ભલે થોડા હોય પણ સમાજને બાંધવામાં એમનું મેળવણ મૂલ્યવાન છે.

પછી ત્રીજી આંગળી બતાવી કહેતા - આ છે ' મહાજન શક્તિ'. જે ઉત્પાદન અને વિતરણનું કામ કરે છે. ખેડૂતો, કારીગરો, મજૂરો, વેપારી આ બધા છે મહાજન. સાચે જ આ બધા મહાજન છે, મોટા માણસો છે. એમની મહેનતને પ્રતાપે તો સંસાર નભે છે. એ બધા સર્જન, શ્રમ અને સેવા શક્તિનું પ્રતીક છે.

એ પછી ટચલી આંગળીની પાસેની 'અનામિકા' ને બતાવી કહેતા - અનામિકા એ છે 'શાસન શક્તિ' શાસન- (સરકાર) કેટલું જોઈએ ? નામ પૂરતું. બાકીની શક્તિઓ બરાબર કામ કરે તો શાસને શું કરવાનું રહે ?થોડું - ઘણું, રહી જતું કરે. સરકાર એટલે અનામિકા. નામની કહેવા પૂરતી.

ગાંધીજી પણ કહેતા 'That government is good which governs the least' 'એ સરકાર સારી જે ઓછામાં ઓછું શાસન કરે.'

પણ આપણે શું જોઈએ છીએ ? આજે જીવનનું કોઈ ક્ષેત્ર બચ્યું નથી જેને શાસને પોતાના ભરડામાં ન લીધું હોય. કહેવાય 'લોકશાહી' પણ ચાલે છે 'કાયદાશાહી' એટલે નોકરશાહી - તુમારશાહી. રાજ્ય, પદાધિકારી નહીં અધિકારી ચલાવે છે. આમાં લોકોનો તો કોઈ અવાજ જ નથી.

પણ આ ચારે શક્તિ પોત - પોતાનો ધર્મ બરાબર બજાવે - પોતાનું કામ સરસ રીત કરે એ માટે એને દોરશે કોણ ?

ત્યારે વિનોબાજી અંગૂઠા પાસેની પહેલી આંગળી બતાવી કહેતા - આ કામ કરશે 'વિદ્વદ્ શક્તિ'. આ કામ વિદ્વાનોનું છે. આજની ભાષામાં બૌદ્ધિકોનું છે. અંગ્રેજીમાં જેને Path Finder કહે છે. સંસ્કૃતમાં જેને 'ગાતુવિત્' કહે છે. આ છે રસ્તો ચીંધનારા.

પોતાનાં જ્ઞાન, ચિંતન, નિદિધ્યાસનના બળે આ લોકો સમાજના બધા જ વર્ગોને સાચો રાહ ચીંધશે. આપણે કશુંક ચીંધવું હોય, બતાવવું હોય ત્યારે આ આંગળીનો ઉપયોગ કરીએ છીએ. આમ જાઓ, આમ ન જશો. આવી માર્ગદર્શક - વિદ્વદ્‌શક્તિનું વિનોબાએ આપેલું નામ છે - 'આચાર્યકુળ.'

કુલના કુલ - તમામે - તમામ વિદ્વાનો - આચાર્યોનું એક'કુળ' હોવું જોઈએ આચાર્યકુળ.

એક હોય છે લોહીનું કુળ જેનાથી પરિવાર બને છે. બીજું હોય છે વિચારનું કુળ જેના ઉપર વાદ અને સંપ્રદાય બને છે. પણ એક ત્રીજું કુળ છે પ્રેમનું કુળ. આચાર્યકુળનું ધારક બળ છે પ્રેમ. અહેતુકી પ્રેમ, સાર્વભૌમ પ્રેમ.

આચાર્ય કોણ કહેવાય ? જેની પાસે માનું વાત્સલ્ય, ગુરુનું જ્ઞાન અને સંતોનું શીલ હોય તે આચાર્ય. आचरति, विचरति, प्रचरति, इति - आचार्य ।

આવા આચાર્યોની એક પરંપરા ભારતમાં ચાલી છે. શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય. જેમણે સતત વિચરતા રહી સમાજને સાચે રસ્તે ચાલવા આંગળી ચીંધી છે.

આજના યુગમાં આ કામ કરે તે આચાર્ય. આચાર્ય એટલે શિક્ષક કે અધ્યાપક એવો સીમિત અર્થ નથી, પણ સ્વના અને સમાજના ધારણ, પોષણ અને સત્વસંવર્ધન માટે મથનાર હરેક સંવેદનશીલ, વિચારશીલ, અભ્યાસી માણસ આચાર્ય છે.

આમાં શિક્ષક, અધ્યાપક તો ખરા જ પણ સાહિત્યકાર, પત્રકાર, ધારાશાસ્ત્રી, રાજ્યશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, વૈજ્ઞાનિક, સમાજસેવક આ બધાંનો જ આમાં સમાવેશ થાય છે.

વિનોબાજીએ આચાર્યનાં ત્રણ લક્ષણ બતાવ્યાં છે. તે નિર્ભય, નિર્વૈર અને નિષ્પક્ષ હોવા જોઈએ. દરેક ભણેલા માણસે પોતાની જાતને તપાસવી જોઈએ. આ લક્ષણો આપણામાં છે ખરાં ?આપણે નિર્ભય રીતે આપણને જે સાચું લાગતું હોય તે કહીએ છીએ ખરા ? કોઈના માટે આપણા દિલમાં કશો જ વેરભાવ તો નથી ને ? અને આજના યુગમાં સૌથી અઘરી વાત આપણે નિષ્પક્ષ છીએ ખરા ? કોઈ રાજકીય પક્ષની કંઠી તો નથી બાંધીને ?અરે ગાંધીની કંઠી પણ શું કામ બાંધવી ?

શિક્ષિત તે જેનું મન ખુલ્લું છે. કોઈ પૂર્વધારણાઓને આધારે નહીં પણ પોતાની પ્રજ્ઞાના બળે તે પ્રશ્નો અને પરિસ્થિતિનું સમત્વયુક્ત આકલન કરી પોતાનો અભિપ્રાય આપશે. ૫ માર્ચ ૨૨ ૧

વિનોબાજી એક માર્મિક વાત કરતા ''ભાઈ, બેરોમિટરને તાવ ચડે તો શું થાય ? એ સાચું તાપમાન બતાવી શકે ? આચાર્યો સમાજમાં બેરોમિટર સમા છે. તેમને કોઈ વાદ, વિચાર કે પક્ષ-પંથનો જવર ન ચડવો જોઈએ. તે પૂરો અભ્યાસ કરી તાટસ્થ્યપૂર્વક, સમત્વયુક્ત એવો પોતાનો અભિપ્રાય નિર્ભયતાથી, નિર્વૈરભાવે અને નિષ્પક્ષપણે આપશે.''

વાત સાચી કે એકલ-દોકલ અવાજ અરણ્યરુદન બની રહે છે. સત્યને પણ સંગઠિતરૂપે પ્રગટ થવું રહ્યું. એટલે જ તો આચાર્યોએ એમનું 'કુળ' બાંધવું જોઈએ. આચાર્યકુળે સમાજમાં બનતા બનાવોનું ખુલ્લા મનથી, સમત્વયુક્ત ચિંતન કરી સર્વાનુમતે- સર્વસંમતિ સાધીને પોતાનું નિવેદન પ્રગટ કરવું જોઈએ. આચાર્યકુળ એ સમાનધર્મી સાથીઓના સહચિંતન માટેનો એક મંચ છે.

આવા આચાર્યોના અનુશાસનમાં શાસને પણ રહેવું જોઈએ. વિનોબા તો આગળ વધી ત્યાં સુધી કહે છે કે સરકારનું હોય છે શાસન, જ્યારે આચાર્યોનું હોય છે અનુશાસન. શાસને અનુશાસનનું કહ્યું માનવું જોઈએ અને જો શાસન ન માને તો આચાર્યો શાસન સામે સત્યાગ્રહ પણ કરી શકે.

ગાંધી અને વિનોબા અહીં એકાકાર થઈ જાય છે. અન્યાયનો પ્રતિકાર, અહિંસક પ્રતિકાર એટલે સત્યાગ્રહ. સમય આવે સત્યાગ્રહ કરવો એ આચાર્યોનો ધર્મ છે. સત્યાગ્રહ એ આચાર્યોના હાથમાંનો ધર્મદંડ છે. જેનો પ્રયોગ કેવળ આપદ્ધર્મ તરીકે કરવાનો હોય છે. સામાન્ય સમયમાં આચાર્યોનું કામ વિચારપ્રચારનું એટલે કે વ્યાપક લોકશિક્ષણનું હોય.

પણ આજે વિદ્વદ્શક્તિ નિઃસ્તેજ બની ગઈ છે. ભણેલાંઓની ભૌતિક જરૂરિયાતો એટલી બધી વધી ગઈ છે કે તે પોતાનું જીવનધોરણ ટકાવી રાખવા પોતાની વિદ્યાનો ઉપયોગ ધન કમાવામાં કરી રહ્યા છે. જાતની પળોજણમાંથી સમય બચે તો સમાજ માટે-સહુના શ્રેય માટે સમય આપેને ?

જીવનયાપન માટે દરેકને અર્થની જરૂર રહે એ સ્વાભાવિક છે, પણ સમાજ પાસેથી ખપ પૂરતું લઈ પોતાની પાસે જે કાંઈ શ્રેષ્ઠ છે તે બધું, સમાજના શ્રેય માટે અર્પવાની ભાવના આજે ઘટતી જાય છે.

દુકાળ પૈસાનો નથી, દુકાળ જ્ઞાનનો નથી, દુકાળ ભાવનાનો છે.

સ્વરાજ્ય આવવાના થોડા દિવસ બાકી હતા ત્યારે એક પરદેશી પત્રકાર બાપુને મળેલો. તેણે પૂછ્યું ''મહાત્માજી, હવે સ્વરાજ્ય તો આવી રહ્યું છે ત્યારે તમને કોઈ મૂંઝવણ ખરી ?'' ગાંધીજીએ કહ્યું ''હા, ભાઈ હવે જ મને ખરી મૂંઝવણ છે.'' ''શું ?'' તો કહે - ''મારા દેશના ભણેલાઓની હૃદયહીનતાની.''

આજ લગી તો અંગ્રેજ સામે આંગળી ચીંધતા કે અમારાં બધાં દુઃખોનું મૂળ આ લોકો છે પણ હવે કોને કહીશું ?

સ્વરાજ્ય પછી સુરાજ્ય કોણ કરશે ? પ્રજા તો અભણ છે, અબુધ છે, વહેમો, વ્યસનો, કુરૂઢિઓમાં ફસાયેલી છે ત્યારે જેની પાસે આશા છે - તે છે ભણેલા ભારતીયો. પણ એતો બધા હૃદયહીન છે. પ્રજાની તેમને ક્યાં પડી છે ?

આપણા રાષ્ટ્રપિતાની આ ફરિયાદ શું ખોટી છે ?

આથી વિનાબોજી આપણને જગાડી કહે છે કે તમે કેવળ વિદ્વાન બનીને ન રહો. ''આચાર્ય'' થાઓ. એટલું જ નહી તમારું કુળ બાંધો અને સમાજને-ભાવિ પેઢીને દિશાદર્શન કરો.

સમાજમાં અન્યાય, શોષણ, જુલમ, હિંસા, ભ્રષ્ટાચાર ફાલતાં જાય છે ત્યારે આચાર્યકુળે તેની સામે સંગઠિતરૂપે પોતાનો અવાજ ઉઠાવવો રહ્યો.

તો ચાલો આપણે નવી પેઢીના ઘડતર માટે અને નવા સર્વોદયી સમાજની રચના માટે ''આચાર્યકુળ''ના ઉપક્રમે કામ કરીએ.

सहवीर्यं करवा वहै ।

**સંપર્ક સ્થાન :**

કુલનાયકનું કાર્યાલય
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૧૪.

**ગોવિંદભાઈ રાવલ**
પ્રમુખ
આચાર્યકુલ - ગુજરાત

## આચાર્યકુલ- ગુજરાત

તા. ૩-૭-૧૯૯૮

શ્રી

આપને વિદિત હશે કે આચાર્ય વિનોબાજીએ વિદ્વદ્‌શક્તિ સંગઠિત થઈ દેશ, દુનિયા અને સમાજને યોગ્ય દિશામાં દોરે તે માટે આચાર્યકુળની સ્થાપના કરેલી છે.

આપ આપના ક્ષેત્રના જાણીતા વિદ્વાન છો. આપ નિર્ભય, નિર્વૈર અને નિષ્પક્ષપણે વિચારી શકો છો, કહી શકો છો.

દા
પકો

આથી અમે આચાર્યકુલ- ગુજરાત તરફથી તેનું માનદ સભ્યપદ સ્વીકારવા આપને વિનંતી કરીએ છીએ. આશા છે આપ તે સ્વીકારી આપની સંમતિ આપી ઉપકૃત કરશો.

આપના પ્રત્યુત્તરની અપેક્ષા છે.

C/O કુલનાયકનું કાર્યાલય
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪
ફોન નં. ૭૫૪૧૩૯૨

ગોવિંદભાઈ રાવલ
પ્રમુખ
આચાર્યકુલ-ગુજરાત